# કોંગ્રેસ મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ આપશે

નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ એઆઈસીસી અને પક્ષની અન્ય પાંખમાં મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ આપવાની આજે ખાતરી આપી હતી. દરમિયાન તેઓએ આજે નવા નિમાયેલા પક્ષના નવા હોદ્દેદારો સાથે પ્રથમ ઔપચારીક વાતચીત કરી હતી. વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચુંટણીને ધ્યાનમાં લઈ આ ટીમની રચના કરવામાં આવી છે. એઆઈસીસીમાં મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ આપવાની ખાતરી ગાંધીએ આપી હતી. પક્ષના પ્રવક્તા ભક્ત ચરણદાસે બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, મહિલાઓની ઉપસ્થિતિ પક્ષની અન્ય પાંખમાં વધારવામાં આવશે. હાલમાં મહિલાઓની ઉપસ્થિતિ ઓછી દેખાઈ રહી છે. અંબિકા સોની એક માત્ર ૧૨ એઆઈસીસી જનરલ સેક્રેટરીમાં સામેલ છે. જ્યારે ૪૪ સેક્રેટરી પૈકી માત્ર પાંચ જ મહિલાઓ છે. ગાંધીએ હોદ્દેદારો સમક્ષ તેવી સ્પષ્ટતા કરી હતી કે, તમામ જનરલ સેક્રેટરી અને સેક્રેટરીઓને પોતપોતાની જવાબદારી અસરકારક રીતે અદા કરવી પડશે. એઆઈસીસીમાં નવા ચહેરાઓને તક આપવામાં આવી છે. હોદ્દેદારોની સરેરાશ વય પણ ઓછી જણાઈ રહી છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, તમામ લોકો સાથે પક્ષને જોડવામાં આવે તે જરૂરી છે. ચાર રાજ્યો મધ્ય પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને દિલ્હીને આ વર્ષે જ વિધાનસભાની ચુંટણી યોજનાર છે.



# ઉત્તરાખંડમાં મોતનો આંક ૧૦ હજારથી પણ વધુ

દહેરાદૂન, તા.૨૯

ઉત્તરાખંડમાં વાદળ ફાટવા અને પુરના કારણે ભારે તારાજી થઈ ચુકી છે. બચાવ અને રાહત કામગીરી અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. લાખો લોકોને ઉત્તરાખંડના અસરગ્રસ્ત વિસ્તારોમાંથી સુરક્ષિત રીતે ખસેડવામાં આવી ચુક્યા છે. સામુહિક અંતિમ સંસ્કારની પ્રક્રિયા ચાલી રહી છે. ઉત્તરાખંડમાં હિમાલીયન સુનામી બાદ કેટલા લોકોના મોત થયા છે તેને લઈને હજુ પણ ચિત્ર સ્પષ્ટ થયું નથી. મોતના આંકડા અંગે જુદા-જુદા લોકો દ્વારા જુદા-જુદા આંકડા આપવામાં આવ્યા છે. હવે ઉત્તરાખંડના વિધાનસભા અધ્યક્ષ ગોવિંદસિંહ કુંજવાલે એમ કહીને ચિંતા વધારી દીધી છે કે, ઉત્તરાખંડમાં હાલના પુર અને વાદળ ફાટવાની ઘટનામાં ૧૦ હજારથી પણ વધુના મોત થઈ ચુક્યા છે. તેમનું કહેવું છે કે, તેઓ માને છે કે, આ આંકડો ૧૦ હજારની આસપાસનો છે. તેમણે આજે કહ્યું હતું કે, અગાઉ જ્યારે તેઓ ગઢવાલ પ્રદેશથી પરત ફર્યા ત્યારે માની રહ્યા હતા કે, મોતનો આંકડો ૪ થી ૫ હજારની વચ્ચે હોઈ શકે છે. પરંતુ હવે માહિતી અને મૃતદેહાનિહાળ્યા બાદ તેઓ કહી શકે છે કે, આંકડો ૧૦ હજારથી ઉપર હોઈ શકે છે. મુખ્યમંત્રી વિજય બહુગુણા એક હજારના મોતની દહેશત વ્યક્ત કરી ચુક્યા છે. પૂરગ્રસ્ત ઉત્તરાખંડમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બચાવ કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે.

મળેલી માહિતી મુજબ ચાર હજાર લોકો હજુ પણ લાપત્તા બનેલા છે. સૈકડો લોકો હજુ પણ અટવાયેલા છે.બચાવ અને રાહત કામગીરીમાં સામેલ કર્મચારીઓનું કહેવું છે કે ૪૬૫૦ લોકો હજુ પણ લાપત્તા છે. સત્તાવાર રીતે મોતનો આંકડો ૮૪૨ આંકવામાં આવ્યો છે. દરમિયાન જોષીમઠમાં હવામાનની સ્થિતિમાં સુધારો થયો છે. અહીં બચાવ કામગીરી હજુ પણ જારી છે. બચાવ કામગીરી હવામાનની સ્થિતિમાં સુધારો થતાં વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે. ઈન્ડિયન એરફોર્સના હેલિકોપ્ટરો દ્વારા વિમાનથી તથા હેલિકોપ્ટરથી મોટાભાગના લોકોને ખસેડી લેવામાં આવ્યા છે.

રોગચાળાના ખતરાને ધ્યાનમાં લઈને પણ ચોક્કસ પગલાં લેવામાં આવી રહ્યા છે. સત્તાવારાઓને એવી દહેશત છે કે લાપત્તા પૈકીના કેટલાક લોકો ફસાયેલા છે. તેમને શોધી કાઢવા ઉપર મુખ્ય રીતે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહપ્રધાન કહી ચૂકયા છે કે બદ્રીનાથમાં હજુ પણ કેટલાક શ્રદ્ધાળુઓ અટવાયેલા છે. પ્રાથમિક ધોરણે મોટી વયના લોકો, બાળકો અને મહિલાઓને બચાવવાનું છે. ત્યારબાદ યુવાનો અને અન્યોને ખસેડવાની કામગીરી હાથ ધરાશે. હજુ સુધીમાં જુદાજુદા માર્ગો મારફતે ૧૦૪૬૬૭ લોકોને ખસેડવામાં આવી ચૂક્યા છે. બચાવ ઓપરેશન અંતિમ તબક્કામાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

## કેદારનાથ મંદિરને આધુનિક ટેક્નોલોજીથી જ બનાવાશે

દહેરાદૂન,તા. ૨૯

ઉત્તરાખંડમાં પૂરના કારણે નુકશાન પામેલા વિશ્વ પ્રસિદ્ધ કેદારનાથ મંદિરને વૈજ્ઞાનિક અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી ફરીથી બનાવવામાં આવશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણા દ્વારા આ મુજબની ખાતરી આજે આપવામાં આવી હતી. ઉત્તરાખંડમાં હાલમાં ભારે નુકશાન થઈ ચુક્યું છે. તેમણે કહ્યું હતું



કે, આધુનિક પદ્ધતિનો ઉપયોગ કરીને નવી રીતે મંદિરનું નિર્માણ કરવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, હજુ સુધી આ સંબંધમાં કોઈ યોજના તૈયાર કરવામાં આવી નથી. તેમણે ઉમેર્યું હતું કે, આયોજીત વૈજ્ઞાનિક રીતે મંદિરને તૈયાર કરવાની યોજનામાં જાણીતા પર્યાવરણ નિષ્ણાંતો અને આર્ક્યોલોજીસ્ટને સામેલ કરવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે કેદારનાથ ભૂકંપ સંવેદનશીલ પટ્ટામાં આવે છે. પરંતુ વૈજ્ઞાનિક નિષ્ણાંતોને ફેરનિર્માણમાં આવરીલેવામાં આવશે. મુખ્યમંત્રીના જણાવ્યા મુજબ ભવિષ્યમાં કેદારનાથની મુલાકાત લેવા ઈચ્છુક લોકોને વધુ સંતુષ્ટી મળશે. ઉત્તરાખંડમાં પૂરના કારણે જેને સૌથી વધારે નુકશાન થયું છે તેમાં કેદારનાથનો સમાવેશ થાય છે. આ પ્રદેશમાં બચાવ કામગીરી હાલમાં જ પૂરી કરવામાં આવી છે. કોઈપણ રોગચાળાને રોકવા માટે કેદારનાથમાં સામુહિક અંતિમ સંસ્કારની પ્રક્રિયા ચાલી રહી છે. દરમિયાન આર્ક્યોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયાના નિષ્ણાંતોની એક ટીમ કેદારનાથ મંદિર પહોંચી રહી છે. આ ટીમ દ્વારા ફેર નિર્માણના સંબંધમાં ચકાસણી કરવામાં આવશે. દહેરાદૂન અને દિલ્હીમાં પાંચ નિષ્ણાંતોની ટીમ જુદા-જુદા અભ્યાસ કરીને અહેવાલ તૈયાર કરશે. આ ટીમ રાજ્ય સરકાર પાસેથી જરૂરી માહિતી પણ મેળવશે. આવતીકાલે ટીમ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવશે. કેદારનાથ મંદિર હાલમાં એએસઆઈ હેઠળ સંરક્ષિત નથી. આ ટીમ મંદિર માટે જરૂરી પગલા ચુકવશે. એએસઆઈની ટીમ મુખ્યમંત્રીને તેનો અહેવાલ પણ આપશે.

# દેશમાં નાના ૫૧ એરપોર્ટ બનાવવામાં બનશે : પીએમ

નવીદિલ્હી, તા. ૨૯

સરકાર દેશભરમાં નાના પાયે ૫૧ નવા એરપોર્ટ બનાવશે. વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ની યોજનાઓનાં લક્ષ્યની પરિપુર્તિ માટે મળેલી ગઈકાલની બેઠકમાં આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વડાપ્રધાન કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવેલ એક વિજ્ઞાપનમાં આ જાણકારી આપવામાં આવી છે. એક સરકારી નિવેદન મુજબ ભારતીય વિમાન પ્રાધિકરણ એએઆઈ ઉત્તરપ્રદેશમાં આગ્રા, અલાહાબાદ, મુરાદાબાદ, સહરાનપુર, મેરઠ, અલિગઢ, મુઝફ્ફરનગર, બિજનોર અને આઝામગઢમાં નાના પાયે નવા એરપોર્ટ બનાવશે.

પંજાબમાં લુધિયાણા, જલંધર અને ફિરોઝપુર, મધ્યપ્રદેશમાં ગ્વાલિયર, સિંગરોલી, બુરહાનપુર, ખંડવા, જબલપુર, સીધી, શડોલીમાં પણ નાના એરપોર્ટ વિકસાવવામાં આવશે.

રાજસ્થાનમાં અજમેર, કોટા, ભિલવાડા અને અલવરમાં નાના એરપોર્ટ બનાવવામાં આવશે. સરકારે બિહારમાં મુજફરપુર, છપરા અને સાસારામમાં નાના હવાઈ મથકો જાહેર કર્યા છે. જ્યારે ઝારખંડમાં ધનબાદ, બોકારો અને હજારીબાગ વિકસીત કરવાની યોજના છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ભુવનેશ્વર અને ઈન્ફાલમાં ૨૦ હજાર કરોડ રૂપિયાનાં રોકાણથી બે નવા આંતરાષ્ટ્રિય હવાઈમથક બનવવામાં આવશે.

આ ઉપરાંત પીપીપી માધ્યમ દ્વારા આઠ નવા એરપોર્ટ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જેમાં નવી મુંબઈ, જુહુ મુંબઈ, કન્નુર, પુણે, શ્રીપેરમ્બદુર, બેલ્લારી અને રાયગઢમાં તેનો અમલ કરવામાં આવશે. આ ઉપરાંત ચૈન્નઈ-કલકત્તા, લખનૌ-ગૌહાટી અને અમદાવાદ સહિતનાં એરપોર્ટનું સંચાલન અને મેન્ટેનસ પીપીપી પદ્ધતીથી કરવામાં આવે તેવી યોજના બનાવવામાં આવી છે. ચાલુ વર્ષ દરમિયાનમ નાગરિક ઉડ્ડયન, રેલવે, બંદરો, રસ્તાઓ અને વિજળીનાં ક્ષેત્રમાં સાર્વજનિક તેમજ પીપીપી હેઠળ ૧.૧૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનું લક્ષ્ય આ યોજનામાં કરવામાં આવ્યું છે. વડાપ્રધાન સાથેની એક બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં નાણાંમંત્રિ પી. ચિદમ્બરમે પણ હાજરી આપી હતી.

# દેશમાં મોનસૂનમાં ૩૭ ટકા વધારે વરસાદ નોંધાઈ ચૂક્યો

પૂણે,તા. ૨૯

મોનસૂનની શરૂઆત થઈ ચૂકી છે. દેશમાં વર્તમાન મોનસૂનમાં હજુ સુધી ૩૭ ટકા વધુ વરસાદ થઈ ચૂક્યો છે. ૨૬મી જૂન સુધીના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. ૧૩૨.૧ મિમીના સામાન્ય વરસાદની સામે દેશમાં ૧૮૦.૭ મિમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે. આશરે ૯૨ ટકા જેટલા વિસ્તારોમાં સામાન્ય વરસાદની સરખામણીમાં વધારે વરસાદ થયો છે. ભારતીય હવામાન વિભાગે આ સંદર્ભમાં માહિતી આપતા કહ્યું છે કે મહારાષ્ટ્રમાં તમામ ચાર સબ ડિવીઝનમાં વધારે વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે ૧લી જૂનથી ૨૬મી જૂન વચ્ચે હજુ સુધી સિઝન માટેના વરસાદી આંકડાની વિગત જારી કરી હતી. દેશમાં ૩૬ પેટા ડિવિઝન પૈકી ૨૬માં વધારે વરસાદ થયો છે. જ્યારે છમાં સામાન્ય વરસાદ થયો છે. આ



ઉપરાંત ચાર સબા ડિવિઝનમાં ઓછો વરસાદ નોંધાયો છે. પૂર્વ અને ઉત્તર પૂર્વીય વિસ્તારોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ નોંધાયો છે. હાલમાં પ્રવર્તી રહેલી હવામાનની સ્થિતિનો ઉલ્લેખ કરતા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તર પ્રદેશ અને આસપાસના બિહાર ઉપર લો પ્રેસરની સ્થિતિ સર્જાયેલી છે જે આગળ વધી શકે છે. ફિરોઝપુર, દિલ્હી, લખનૌઉ, ગયા, બંકુરા અને બંગાળના પૂર્વીય મધ્ય અખાત મારફતે મોનસૂનની એન્ટ્રી થઈ ગઈ છે. ગયા, માલધારથી પણ વરસાદના સમાચાર મળી ચૂક્યા છે. આ પ્રકારની સ્થિતિના પરિણામ સ્વરૂપે ૨૯મી જૂન અને ૫મી જુલાઈ વચ્ચેના ગાળા દરમિયાન પૂર્વીય ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તર ચંદીગઢ, સબ હિમાલિયા પશ્ચિમ બંગાળ, સિક્કીમ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ અને ત્રિપુરામાં વરસાદ અથવા તો ગાઝવી સાથે વરસાદી ઝાંપટા પડી શકે છે. ઉત્તરાખંડ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં પણ કેટલીક જગ્યાઓએ વરસાદી માહોલ છે.

### વાત કાનૂન કાયદાની (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

વચનપાલનને જતું કરવા માટે વચનદાતાના પાલનને જતું કરવા માટે સમજુતીની જરૂર હોય છે અને આવી સમજુતી રિલીઝ એટલે કે મુક્તી સ્વરૂપની હોય છે. તેમાં અવેજની જરૂર નથી મુક્તી આપનારને કે પછી કોઇ હક્ક રહેતો નથી અને તે સામા પક્ષની જવાબદારી નષ્ટ કરે છે. આવા વચનભંગ રીસીસન એટલે રદ્દીકરણથી, વેરીએશન એટલે સમજૂતીથી અથવા ઓછી રકમ ચુકવીને કાયદાનાં સામાન્ય નિયમ પ્રમાણે દેણી રકમ પ્રત્યે તેનાથી ઓછી રકમ આપવાથી કરારનો અંત આવે નહીં પરંતુ આ સિદ્ધાંતને ભૂલભર્યા માનવામાં આવ્યો છે.

એન્કાઉન્ટર સમજીને કરાર ભંગ થાય છે એટલે કે હિસાબ સમજીને જે રકમ નક્કી થઇ હોય તે દેણદાર લેણદારને આપવાનું વચન આપે છે.

નોવેશનથી એટલે નવો કરાર કરીને જૂના કરારનો અંત લાવી શકાય છે જે માટે ભાગે જૂના કરારનું સુધારા વધારા સાથેનું પુનરાવર્તન હોય છે.

કેન્સલેશનથી એટલે કે કરાર રદ્દ કરીને જૂના કરારને નષ્ટ કરીને પણ વચનપાલનમાંથી જવાબદારીમાંથી કરાર કર્તા મુક્ત થઇ શકે છે.

સરજેટ એટલે સોંપણીથી પર કરારના વિષય વસ્તુને તેના માલિકને સોંપી દેવાથી કરાર નષ્ટ થાય. દા.ત. ચેક સ્વીકારેલ હોય તે પરત કરી વચનપાલનના કરારથી મુક્તી મેળવી શકાય છે.

### ૩૯ વર્ષ બાદ રેલ્વેમાં હડતાળની તૈયારી

# રેલ્વે કર્મચારી અચોક્કસ મુદતની હડતાળ પર જશે

નવી દિલ્હી,તા. ૨૯

દેશના સૌથી મોટા એમ્પ્લોયર ઈન્ડીયન રેલ્વેના કર્મચારી ૩૯ વર્ષના લાંબાગાળા બાદ અચોક્કસ મુદતની હડતાળ ઉપર જવાની તૈયારી કરી ચુક્યા છે. ઓકટોબર મહીનામાં આ સુચિત હડતાળ પાડવામાં આવનાર છે જેમાં ૧૪ લાખથી વધુ કર્મચારી ભાગ લે તેવી શક્યતા છે. રેલ્વેના સૌથી મોટા યુનિયન ઓલ ઈન્ડીયા રેલ્વે મેન્જ ફેડરેશન (એઆઈઆરએફ) દ્વારા આ હડતાળની હાકલ કરવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે, આ હડતાળથી પ્રવાસીઓને ભારે અસુવિધા અને રેલ્વેને જંગી નુકશાન થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. આ અગાઉ ૧૯૭૪માં એઆઈઆરએફ દ્વારા જ્યોર્જ ફર્નાન્ડીઝના નેતૃત્વમાં હડતાળ પાડવામાં આવી હતી. ત્યારબાદ



કેન્દ્ર સરકારે દેશમાં કટોકટી લાદી દીધી હતી. એઆઈઆરએફના જનરલ સેક્રેટરી શિવ ગોપાલ મિશ્રાએ એક અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે, રેલ્વે કર્મચારીઓ દ્વારા સરકાર સમક્ષ આ વખતે કોઈ નવી માંગ કરવામાં આવી નથી. પરંતુ વેતન પંચની ભલામણના આધાર ઉપર સરકારે જે વચન આપ્યા હતાં તે પૂરા કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. જેનાથી કર્મચારી ખૂબ જ નારાજ દેખાઈ રહ્યા છે. આજ કારણસર આ હડતાળ પાડવામાં આવનાર છે. તેમણે કહ્યું છે કે, અમે ઔદ્યોગિક શાંતિમાં વિશ્વાસ રાખીએ છીએ. પરંતુ સરકાર ધ્યાન આપી રહી નથી. હાજરી પૂરવાર કરવાના હેતુસર આ હડતાળ પાડવામાં આવનાર છે. એઆઈઆરએફના પ્રમુખ ઉમરાવ મલ પુરોહીત આવનાર ૧૫ દિવસમાં તમામ યુનિયન પ્રમુખો સાથે વાતચીત કરશે અને આના માટેની વ્યુહરચના ઘઢવામાં આવશે. મિશ્રાનું કહેવું છે કે, એક ગુપ્ત મતદાન પણ કરવામાં આવશે. જેમાં તમામ કર્મચારીઓને હડતાળ ઉપર જવાની તેમની ઈચ્છા છે કે કેમ, તેવો પ્રશ્ન પણ કરવામાં આવશે. એઆઈઆરએફને વિશ્વાસ છે કે, બીજા યુનિયનના કર્મચારીઓ પણ હડતાળમાં ભાગ લેવા માટે માની જશે.

## પ્રાણીઓ ઉપર કોસ્મેટીક ટેસ્ટ સામે અંતે પ્રતિબંધ

નવી દિલ્હી,તા. ૨૯

પ્રાણીઓ ઉપર કરવામાં આવતા કોસ્મેટીક ટેસ્ટ ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. તાજેતરના સમયમાં આ સંબંધમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા ભારે હોબાળો મચાવ્યા બાદ આખરે પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કરાયો છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર (બીઆઈએસ) દ્વારા દેશના કોસ્મેટીક સ્ટાન્ડરથી એનીમલ ટેસ્ટને દૂર કરવાને મંજૂરી આપી છે. આની સાથે જ દક્ષિણ પૂર્વ એશિયામાં ભારત એવું પ્રથમ દેશ બન્યું છે જ્યાં પ્રાણીઓ ઉપર કોસ્મેટીક ટેસ્ટ પ્રતિબંધ મૂકાયો છે. જુદા જુદા સંગઠનો દ્વારા આ સંદર્ભમાં હાથ મિલાવવામાં આવ્યા હતા. બ્લુ ક્રોસ અને ફેડરેશન ઓફ ઈન્ડિયન્સ એનીમલ પ્રોટેકશન ઓર્ગેનાઈઝેશનના સંયુક્ત પ્રયાસોથી સફળતા મળી છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે આની સામે ઝુંબેશ ચલાવી રહેલા લોકોની આખરે જીત થઈ છે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે આ પ્રથમ મોટું પગલું છે પરંતુ હજુ પણ નક્કર અને નિર્ણાયક પગલાં લેવાની જરૂર છે.

પ્રાણીઓ ઉપર ટેસ્ટીંગ માટે કોઈપણ બાબતને યોગ્ય ગણી શકાય નહીં. સરકાર એવી કોસ્મેટીક પ્રોડક્ટ ઉપર પ્રતિબંધ મૂકવાની દિશામાં આગળ વધે તે જરૂરી છે.

### ૪-૭ જુલાઈ દરમિયાન એન્ટોની ચીનની મુલાકાતે

## સીમા વિવાદ પર નવા માર્ગ શોધવા માટે ચીન ઈચ્છુક

નવીદિલ્હી,તા.૨૯

ચીને ગઈકાલે કહ્યું હતું કે તેઓ ભારત-ચીન સીમા વિવાદ ઉકેલવા માટે હવે નવા રસ્તા શોધવા માટેની તૈયારી દાખવી છે. લદ્દાખ ક્ષેત્રમાં તાજેતરમાં થયેલી ચીન તરફી ઘુસણખોરી બાદ બંને દેશોનાં વિશેષ પ્રતિનિધિઓએ સીમા સુરક્ષા સહયોગ કરાર ડીડીસીએ પર વાતચીત કરી હતી. આ પહેલાં ચીની પ્રધાનમંત્રી લી એ ભારતનાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને આ બાબતનાં વિશેષ પ્રતિનિધિ શિવશંકર મેનનનું સ્વાગત કર્યું હતું ઉપરાંત ઉત્તરાખંડમાં



થયેલી ભારે તબાહી અને નુકસાન પર ઉંડું દુઃખ વ્યક્ત કર્યું હતું તો સાથે સાથે ચીને આ દુર્ઘટનામાંથી બહાર આવવા માટે ભારતને મદદ કરવાનો પ્રસ્તાવ આપ્યો હતો. લદ્દાખમાં થયેલી ઘુસણખોરીની ઘટના બાદ બંને દેશોનાં વિશિષ્ટ પ્રતિનિધિઓની બે દિવસીય સીમા વિવાદ બાબતે બેઠક ગઈકાલે યોજાઈ છે. સીમા વિવાદ મુદ્દે ઉભી થયેલી સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા માટે તમામ પ્રકારની સંભાવનાઓની વિચારણા કરવામાં આવી રહી છે. ભારતનાં વિશિષ્ટ પ્રતિનિધિ શિવશંકર મેનને ચીનનાં પ્રતિનિધિ યાંગ જીએચી સાથે પહેલાં તબક્કાની મંત્રણા મૈત્રીપૂર્ણ માહોલમાં ઉત્સાહપૂર્વક રહી હતી તેમ જણાવ્યું હતું. ચીનનાં નવનિયુક્ત પ્રતિનિધિ યાંગે કહ્યું હતું કે, હું મારા પૂર્વ અધિકારી દ્વારા કરવામાં આવેલાં કાર્યોને આગળ વધારવા માટે ભારત સાથે કામ કરવા તૈયાર છું. હું આવનારા દિવસોમાં ભારત-ચીન સીમા વિવાદનો ઉકેલ લાવવા તેમજ ચીન અને ભારત વચ્ચે સમજૂતિપૂર્વકની રણનૈતિક ભાગીદારી વધારવામાં પ્રગતિ લાવવા માટેનાં ઉકેલ શોધવા તૈયાર છું. સીમા પર શાંતિ જાળવી રાખવા માટે બંને પ્રતિનિધિઓ વચ્ચે થયેલી મંત્રણા સંપન્ન થઈ હતી. આવતા સપ્તાહે ભારતનાં રક્ષામંત્રી એ.કે.એન્ટોની ચીનની મુલાકાતે જઈ રહ્યા છે ત્યારે આ મુદ્દે વધુ વાતચીત કરવામાં આવશે. એન્ટોની ચાર દિવસની મુલાકાતે ચીન જઈ રહ્યા છે. ચીની પ્રધાનમંત્રી લી એ કહ્યું હતું કે, બંને દેશો વચ્ચેનાં સહયોગને વધારી શકાય તેમ છે.

## દૌસાની નજીક ટ્રેનના એસી કોચમાં લૂંટ થઈ

જયપુર,તા. ૨૯

રાજસ્થાનના દૌસા જિલ્લામાં એસી ટ્રેનના કેટલાક યાત્રીઓને લૂંટી લેવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. દૌસા જિલ્લામાં આ બનેલી ઘટનાથી ખડભડાટ મચી ગયો છે. અમદાવાદ-ગોરખપુર સાપ્તાહીક એક્સપ્રેસ ટ્રેન દૌસા જિલ્લાના બાંડીકુઈ રેલ્વે સ્ટેશનથી રવાના થયા બાદ મંડાવર અને ખેરલી વિસ્તાર વચ્ચે વહેલી સવારે પહોંચી ત્યારે કેટલાક યાત્રીઓને લૂંટી લેવામાં આવ્યા હતા.

જીઆરપીના સુત્રોએ કહ્યું છે કે, આ ટ્રેનને ઈમરજન્સી ચેઈનનો ઉપયોગ કર્યા બાદ રોકી દેવામાં આવી હતી. એવું જાણવા મળ્યું છે કે, લુંટારાઓ પૈકીના કેટલાક પહેલાથી જ ટ્રેનમાં બેઠા હતા. કેટલાક લોકો મંડાવર નજીક બેઠા હતા. કોચ તેમના વિસ્તારમાં પ્રવેશતાની સાથે લૂંટ ચલાવામાં આવી હતી. લુંટારા તત્વો એસી કોચના કેટલાક યાત્રીઓને લૂંટીને ફરાર થઈ ગયા હતા. યાત્રીઓની લૂંટ ચલાવવામાં આવ્યા બાદ આ લુંટારા તત્વોએ ફરી ચેઈન ખેંચી ફરાર થઈ ગયા હતા. યાત્રીઓએ ગાર્ડને માહિતી આપી હતી. જેના પરિણામ સ્વરૂપે વધુ તપાસ હાથ ધરાઈ હતી. કેટલાક યાત્રીઓની લૂંટ ચલાવવામાં આવી છે. તે સંબંધમાં માહિતી મળી શકી નથી.

## સમાચાર ઝલક

- ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા-સાબરકાંઠા મહેસાણા જિલ્લામાં ચોમાસું માહોલવચ્ચે અસહ્ય બફારા-ઉકળાટથી પ્રજા ત્રસ્ત.
- સિદ્ધપુર ખળી ચાર રસ્તાની શોભામાં અભિવૃદ્ધિ કરતી દૂધ દોતી ગોવાલણની પ્રતિમા.
- ડિઝલના ભાવમાં વધારો થવાના સંકેત.
- પાસપોર્ટ ફી પહેલી જુલાઈથી ઓનલાઈન ભરી શકાશે.
- જુનાગઢમાં સતત ચોથા દિવસે ખડૂત આંદોલન ચાલુ.
- રોહતકથી દિલ્હી જતી ટ્રેન પર સ્થાનિક લોકોનો હુમલો.
- અમદાવાદમાં ગર્ભવતી મહિલાની છેડતી કરતા તબીબને લોકોએ મેથીપાક ચખાડયો.
- લોકગયિકા ફરીદા મીરની કાર પર ફિલ્મી ઢબે હુમલો.
- રિલાયન્સ દ્વારા મોટી ખાવડ ગામે રૂ. ૫૫ લાખના ખર્ચે તૈયાર થયેલ કન્યા શાળાનું લોકાર્પણ કરાયું.
- સ્ત્રીઓ હવે હૃદયની રક્ષા કરતા હોર્મોન પર આધાર નહી રાખી શકે.
- શામળાજી ચેક પોસ્ટ પર ફોલ્ડરીયા સાથે ઝપાઝપીમાં પત્રકારોને માર પડયો.
- ક્રિકેટર શ્રી રવિન્દ્ર જાડેજાની હોટલને શિસ્તભંગની નોટિસની કાર્યવાહી.
- ઉત્તરાખંડમાં પાક ધોવાઈ જતાં બટેટા મોંઘા થવાના સંકેતો.
- સાતમા પગાર પંચની રચનાની માંગણી કરતા રેલકર્મીઓ-હડતાલની ચીમકી.
- રિટર્ન ન ભરનાર કરદાતાઓ ઉપર સંકજો વધુ મજબુત થશે.
- તા.૫મી સુધી ભારે વરસાદની શકયતા-અંબાલાલ પટેલ
- દેશના અર્ધો અર્ધ લોકોના બેંક ખાતા નથી-ગુજરાત ૧૮મા ક્રમે
- ઉત્તરાખંડ સરકારને ૬ માસ અગાઉ ભયાનક હોનારતની ચેતવણી અપાઈ હતી.
- બે લાખ વિદ્યાર્થીઓને 'સ્વામી વિવેકાનંદ' જેવા વિચારશીલ બનાવવા ભગીરથ પ્રયાસ.
- સહકારી અધિકારીઓ સસ્પેન્ડ : વધુ અધિકારીઓ પર તોળાતી ઘાત.